**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : શિતલ વૈષ્ણવ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 09-11-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## પ્રાકૃતિક કૃષિ અભિયાન

રાજ્યમાં પ્રાકૃતિક ખેતી વધે તથા ખેતી ખર્ચમાં ઘટાડો થાય અને ઉત્પાદનમાં વધારો થાય ઉપરાંત ખેડૂતોની આવક બમણી થાય તે માટે રાજ્ય સરકારની સુચના મુજબ પ્રાકૃતિક કૃષિ અભિયાન હાથ ધરવામાં આવ્યું જે અંતર્ગત કચ્છ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિનો વ્યાપ વધે તે માટે કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શિત કરવા આત્મા તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા તાજેતરમાં કુંભારડી ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ખેડૂત ભાઇઓ ઉપરાંત મહિલા ખેડૂતોએ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન રામજીભાઇ મેરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

માહિતી ખાતુ

---

## સંત સુરદાસ યોજના

રાજ્ય સરકારના માર્ગદર્શન અનુસાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર દ્વારા નાગરિકોના કલ્યાણ માટે સંત સુરદાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ અરજદારની ઉંમર ૧૮ થી નીચેના વર્ષ વય જૂથની હોવી જોઈએ. તેઓ ૮૦% અથવા તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોવા જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં ૦ થી ૨૦ અંકનો બીપીએલનો દાખલો અને શહેરી વિસ્તાર માટે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ ગાઈડલાઈન મુજબ લાભાર્થી ગુણાંક ધરાવતા બીપીએલ યાદી મ્યુનિસિપાલિટી કે નગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલ હોય તેમજ સુવર્ણ જયંતિકાર્ડ ધરાવતા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. અરજદારની પાસે રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતું દિવ્યાંગ ઓળખકાર્ડ હોવું જોઈએ.

**N.P. / શિતલ વૈષ્ણવ**

---

## PM ઇન્ટર્નશીપ યોજના

ભારત સરકાર દ્વારા ભારતની ટોચની 500 અગ્રણી કંપનીમાં બેરોજગાર ઉમેદવારો માટે પીએમ ઇન્ટર્નશીપ યોજના અમલમાં આવેલ છે. જેમાં ધો.10, ધો.12, આઇટીઆઇ, ડિપ્લોમાં તથા ગ્રેજ્યુએટની શૈક્ષણિક

લાયકાત ધરાવતા ઉમેદવારે ભારતની ટોચની 500 અગ્રણી કંપનીમાં 12 માસ ઇન્ટર્નશીપ યોજનાનો વિનામૂલ્યે લાભ મેળવી શકશે.

પીએમ ઇન્ટર્નશીપ યોજના અંતર્ગત ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે આવતીકાલ તા.10 નવેમ્બર સુધીમાં અરજી કરી શકાશે અથવા જિલ્લા રોજગાર કચેરી ભુજ તથા આઇટીઆઇનો સંપર્ક કરવો તેમ એક યાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતુ**

---------------------------------------------------------------------

## પૂનમ સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ કચ્છ રેલવે દ્વારા મુંબઇમાં ચૂંટણી માટે વધારાની 10 સ્પેશિયલ ટ્રેન ફાળવવામાં આવેલ છે. ઘણા પ્રવાસીઓ કચ્છથી મુંબઇ ચૂંટણી માટે જવાના હોવાથી ટિકિટમાં વેઇટીંગ હોતા કચ્છ પ્રવાસી સંઘ દ્વારા વધારાની ટ્રેન મૂકવા માંગ કરાઇ હતી. જે અન્વયે પશ્ચિમ કચ્છ રેલવે દ્વારા પૂનમ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે.

**N.P. / શિતલ વૈષ્ણવ**

---------------------------------------------------------------------

## રક્તદાન કેમ્પ

ભુજમાં જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિ નિમિત્તે ભુજ લોહાણા મહાજનના સાનિધ્યમાં ભુજ લોહાણા યુવા મંડળ તથા વાગડ

રઘુવંશી પરીવાર યુવા સંગઠન-ભુજ તાલુકા દ્વારા નીરવ માણેક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી રક્તદાન કેમ્પનું આવતીકાલે સવારે ૯ થી ૨ વાગ્યા દરમિયાન " શેઠશ્રી નાનજી સુંદરજી સેજપાલ (ભિવંડીવાલા) રૂખાણા હોલ મધ્યે આયોજન કરાયું છે. આ કેમ્પ દ્વારા ૨૨૫ બોટલ રકત એકઠું કરવાનો સંકલ્પ કરાયો છે. રક્તદાતાઓને મોટી સંખ્યામાં રક્તદાન કરવા મહાજન દ્વારા અપીલ કરાઈ છે.

**N.P. / શિતલ વૈષ્ણવ**

---------------------------------------------------------------------

## ગુરુનાનક જયંતીની ઉજવણી

જિલ્લા મથક ભુજ સહિત ગાંધીધામમાં આવેલા ગુરુનાનકસિંઘ સભા દ્વારા ગુરુનાનક સાહિબના ૫૫૫ મા પ્રકાશ ઉત્સવની ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. દર વર્ષની જેમ આ વર્ષે ગુરુદ્વારા શ્રી ગુરુનાનકસિંઘ સભા ગાંધીધામમાં વસતા નગરવાસીઓ અને સાધ સંગતના સહયોગથી ઉજવનારા ૫૫૫ મા પ્રકાશ ઉત્સવમાં તા. ૧૩ નવેમ્બરના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે તેવું મેનેજિંગ કમિટીની યાદીમાં જણાવાયું હતું.

**N.P. / શિતલ વૈષ્ણવ**

---------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં ૧૫ દિવસ દરમ્યાન કચ્છના દરિયાકાંઠા નજીકના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુતમ ૨૩ ડિગ્રી જયારે અન્ય વિસ્તારોમાં મહત્તમ ૩૬ ડિગ્રી અને લઘુતમ ૨૧ ડિગ્રી રહેવાની સંભાવના હોવાથી રાત્રિ અને દિવસના તાપમાનમાં ૧૨થી ૧૫ ડિગ્રીનો તફાવત રહેશે જેથી બેવડી ઋતુ અનુભવ યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ પણ આગામી એક સપ્તાહ દરમિયાન તાપમાનના ઘટાડાથી ઠંડકનો અહેસાસ થાય તેવી શક્યતાઓ નહિવત પ્રમાણમાં છે.

**N.P. / શિતલ વૈષ્ણવ**

---------------------------------------------------------------------